ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૩૬.૦° સે.	૧૯.૦° સે.
બારડોલી	૩૪.૦° સે.	૧૮.૦° સે.
ભરૂચ	૩૬.૦° સે.	૧૯.૦° સે.
વ્યારા	૩૪.૦° સે.	૧૮.૦° સે.

સલાસર નહેર પાસે અકસ્માત કરનારો બાઈક ચાલક ઝડપાયો

હિતેશ પટેલ

માંડવી: તડકેશ્વર નજીક કિમ-માંડવી રોડ પર થયેલા હિટ એન્ડ રન ફેટલ અકસ્માતનો ભેદ માંડવી પોલીસે સીસીટીવી ફૂટેજ તથા ટેક્નિકલ સર્વેલન્સના આધારે ઉકેલી કાઢ્યો છે. અકસ્માત બાદ ફરાર થયેલા વાહનચાલકને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરાઈ છે.

તા.24 જાન્યુઆરી-2026ના રોજ સાંજના અંદાજે 6:30 વાગ્યે સલાસર નહેર પાસે અજાણ્યા વાહનચાલકે અતિઝડપે વાહન ચલાવી રવિભાઈ દર્શનભાઈ બુવાડેને ગંભીર ઈજા પહોંચાડતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે તડકેશ્વર ઓપીમાં ફરિયાદ નોંધાતાં માંડવી પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. માંડવી પોલીસના પીઆઈ સી.બી.ચૌહાણની ટીમે આજુબાજુની કંપનીઓ, કોમ્પ્લેક્સો તેમજ હોસ્પિટલોનાં સીસીટીવી ફૂટેજ તપસ્યાં હતાં. ટેક્નિકલ સર્વેલન્સના આધારે હીરો પેશન પ્રો મોટરસાઇકલ નં.(GJ-19-AS-1625)ની ઓળખ કરવામાં આવી હતી. તપાસના આધારે બાઇકચાલક ઉમેશભાઈ અર્જુનભાઈ ગામીત (ઉં.વ.26) (રહે.,નાના રતોલા, તા.માંગરોળ)ને પૂછપરછ માટે બોલાવાતાં તેણે ગુનો કબૂલ કરતાં ધરપકડ કરાઈ હતી.

તાતીથૈયામાં કેમિકલ ચોરીનું કૌભાંડ

સ્વામીનારાયણ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના ગોડાઉનમાં પોલીસની ઓચિંતી રેઇડ

પાઇપ વાટે ટેન્કરોમાંથી ગેરકાયદે રીતે કેમિકલ કઢાતું હતું, 34 લાખનો મુદ્દામાલ કબજે

ઇલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા તાતીથૈયાના સ્વામીનારાયણ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના એક ગોડાઉનમાં દરોડો પાડી ટેન્કરોમાંથી કેમિકલ ચોરી કરવાનું એક મોટું નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં પોલીસે 5 આરોપીની ધરપકડ કરી છે અને કુલ 34.02 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, તાતીથૈયામાં મનોજ રાજપૂત અને રાહુલ ડોબરિયા હાઈવે પર પસાર થતાં ટેન્કરોના ચાલકોને લાલચ આપી બિનઅધિકૃત રીતે પ્રવાહી કેમિકલની ચોરી કરી સંગ્રહ કરે છે. આ બાતમીના આધારે પોલીસે રવિવારે સાંજે રેઇડ કરી હતી. સ્થળ પરથી પોલીસને એક ટેન્કર (GJ 16 Z-0326) અને એક બોલેરો પિકઅપ મળી આવ્યા હતા, જેમાં પાઇપ વાટે કેમિકલ કાઢવામાં આવી રહ્યું હતું.

પોલીસે સ્થળ પરથી 32,040 લિટર ચોરીનું કેમિકલ કિં.રૂ.16.02 લાખ, એક ટેન્કર, બોલેરો ગાડી, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 34,02,900નો મુદ્દામાલ કબજે કર્યો છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ટેન્કર ડ્રાઈવર રણજીત જીવાલાલ ગૌતમ (રહે., અંકલેશ્વર, જિ.ભરૂચ, મૂળ રહે., પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ), રાહુલ કૈલાસ ડોબરિયા (રહે., ક્રિષ્ના રેસિડેન્સી, ખોલવડ, તા.કામરેજ, મૂળ રહે.,જીવાપર, વિસાવદર, જૂનાગઢ), દેવેન્દ્રસિંગ ઉર્ફે મનોજસિંગ સુરેન્દ્રસિંગ રાજપૂત (રહે., નક્ષત્ર સોસાયટી, જોળવા, તા.પલસાણા, મૂળ રહે., ઉન્નાવ, ઉત્તરપ્રદેશ), નાશીર મુફિઝૂર અહેમદ શેખ (રહે., હમીદનગર, ઉન, સુરત, મૂળ રહે., હુગ્લી, પશ્ચિમ બંગાળ) અને ચંદનકુમાર સુદેશ્વર ચૌબે (રહે., સાઈદીપ સોસાયટી, જોળવા, મૂળ રહે., બક્સર, બિહાર)નો સમાવેશ થાય છે. આ કૌભાંડમાં સામેલ અન્ય ચાર આરોપી કૈલાસ ડોબરિયા, જીતુ કાકા, ચેતનભાઈ અને મહેશભાઈ હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે આ તમામ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવીમાં આયુષ સર્વરોગ નિદાન કેમ્પ

હિતેશ પટેલ

માંડવી: જિલ્લા પંચાયતની આયુષ શાખા અને વનવિભાગ-સુરતના સંયુક્ત ઉપક્રમે માંડવી તાલુકાની કેવડી ઈકો ટુરિઝમ સાઇટ ખાતે વનવિભાગના કર્મચારીઓ માટે બે દિવસીય 'આયુષ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ' યોજાયો હતો. જેમાં વન કુલ ૧૬૩ વનકર્મીઓનું સઘન મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લા આયુષ અધિકારી ડો.મિલન દશોંદી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) એચ.જે.વાંદા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજનો સેમિનાર યોજાયો

બારડોલી: બારડોલી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત ધી પાટીદાર જીન સાયન્સ કોલેજમાં રસાયણશાસ્ત્ર વિષયનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનાર KCG ગાંધીનગર અને ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. 'એપ્લિકેશન ઓફ સ્પેક્ટ્રોસ્કોપી ઇન વેરિયસ ફીલ્ડ' વિષયના આ સેમિનારમાં કીનોટ સ્પીકર ડો.કે.આર.દેસાઇ, ડો.ડી.આઈ.બ્રહ્મભટ્ટ, ડો.નિલેશ મિસ્ત્રી, બારડોલી પ્રદેશ કેળવણી મંડળના ઉપપ્રમુખ અરવિંદભાઇ પટેલ, બારડોલી પ્રદેશ કેળવણી મંડળના CEO ડો.ડી.આર.શાહ, કમલેશભાઇ પટેલ, કોલેજના આચાર્ય ડો.ભાવિનભાઇ નાયક ડો.પ્રેમલતાબેન પટેલ, ડો.મોના શાહ હાજર રહ્યાં હતાં.

દેલવાડામાં ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

વાલોડ: વાલોડના દેલવાડા ગામે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી રામ નિવાસ બુગાલીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તથા તેમના હસ્તે ગ્રામ પંચાયતના નવીન ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ તેમજ દેલવાડા અને આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દાદાકુઈ ગામે પશુપાલકોને તાલીમ

હિતેશ પટેલ

માંડવી: પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત કામધેનુ યુનિવર્સિટી હસ્તકના પશુ વિજ્ઞાન કેન્દ્ર-માંડવી અને જિ.ગ્રામ વિકાસ એજન્સી-સુરતના સંયુક્ત ઉપક્રમે માંડવીના દાદાકુઈ ગામે પશુપાલકો માટે પોષણ, સંવર્ધન અને હીટ મેનેજમેન્ટની એક દિવસીય કેન્દ્ર બહારની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં ડો.સુનીલકુમાર પ્રજાપતિએ પશુપાલન અને પશુ કલ્યાણ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા મુદ્દા હોવાનું સ્પષ્ટ કરી સંતુલિત પોષણ, યોગ્ય રહેઠાણ તથા નિયમિત સંભાળ દ્વારા પશુઓની ઉત્પાદકતા અને આરોગ્યમાં વધારો કરવા અંગે સમજ આપી હતી. સાથે માહિતીપ્રદ પુસ્તિકાઓ અને નિદર્શન કિટનું વિતરણ કરાયું હતું. તાલીમમાં ૪૫ મહિલા પશુપાલક બહેનો પણ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. આ કાર્યક્રમમાં માંડવીના પશુ વિજ્ઞાન કેન્દ્રના ડો.મુકેશભાઈ કટારિયા, ડો.સચિનકુમાર કલાસવા, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો.પી.એચ.ટાંક, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.જે.એસ.પટેલ, નવસારી પશુ સંશોધન કેન્દ્ર યુનિટ વડા ડો.વી.એસ.ડબાસ, સહિત પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતા.

બાજીપુરામાં 3.49 કરોડથી વધુના દારૂનો નાશ

વ્યારા: તાપી સહિત વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉકાઇ, કાકરાપાર, ઉચ્છલ, નિઝર અને કૂકરમુંડા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટરની હાજરીમાં વિવિધ 296 ગુનામાં પકડાયેલી બોટલ નંગ 1,16,195 કુલ કિં. રૂ.3,49,58,693ના દારૂ ઉપર વાલોડના બાજીપુરામાં નેશનલ હાઇવે નં.53ની બાજુમાં મેડિકલ અને ફાયર વિભાગની ટીમની હાજરીમાં રોલર ફેરવી અને જેસીબી વડે નાશ કરવામાં આવ્યો હતો.

હથુરણ નજીક ટ્રેન અડફેટે યુવાનનું મોત

હથોડા: કોસંબાના હથુરણ ગામની હદમાં રેલવે લાઈન પર 35થી 40 વર્ષના યુવાનનું ટ્રેન અડફેટે મોત થયું હતું. મરનાર યુવાન કોણ છે? ક્યાંનો છે એ જાણી શકાયું નથી. મરનાર યુવાનના જમણા હાથે અંગ્રેજીમાં વી.તથા ગુજરાતીમાં 'વિજય ડિમ્પલ' નામનું છૂંદણું કોતરાવેલું છે. કોસંબા પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

માખિંગા નજીક અકસ્માતમાં અજાણ્યાનું મોત

પલસાણા: પલસાણાના માખિંગા ગામે મુંબઈથી અમદાવાદ જતાં નેશનલ હાઇવે નં.48 પર અજાણ્યા વાહન અડફેટે અંદાજિત 50થી 55 વર્ષના એક આધેડનું મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ થઈ શકી નથી.

તાપી જિલ્લાના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઇન શરૂ

વાલોડ: ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા.26/2/2026થી તા.18/3/2026 દરમિયાન એસ.એસ.સી.ની પરીક્ષા અને એચ.એસ.સી.ની સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાશે. ત્યારે વિદ્યાર્થીઓમે મૂંઝવતા પ્રશ્નો અંગે હેલ્પલાઈન ચાલુ કરાઈ છે. વિદ્યાર્થીઓ માર્ગદર્શન મેળવી શકે તે માટે તમામ વિષયના તજજ્ઞ શિક્ષકોની નિમણૂક કરાઈ છે.

ઉંભેળમાં વિશ્વકર્મા જયંતી સમારોહ યોજાયો

વિશાલ પટેલ

કામરેજ: વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ દ્વારા ૩૧ જાન્યુઆરીએ ઉંભેળના ટાવર ફળિયા ખાતે બાંટ હાઉસમાં વિશ્વકર્મા જયંતીસમારોહની ઉજવણી ઉત્સાહભેર સંપન્ન કરવામાં આવી હતી, જેમાં કામરેજના પ્રમુખ હસમુખભાઈ પંચાલ, ઉપપ્રમુખ ગિરીશભાઈ પંચાલ, ઉંભેળના મંત્રી ઠાકોરભાઈ પંચાલ તથા મુકેશભાઈ પંચાલ, કામરેજના સહમંત્રી સ્નેહલભાઈ પંચાલ અને કઠોર ગામના નરેશભાઈ પંચાલ સહિત કમિટી સભ્યો દ્વારા સુંદર આયોજન કરાયું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ સ્થાને ઉંભેળના હરકિશનભાઈ પંચાલ તથા દિનેશભાઈ પંચાલ, કડોદરાના ચંપકભાઈ પંચાલ, સાયણનાં ધારાબેન પંચાલ, કામરેજનાં ધરતીબેન પંચાલ તેમજ અરેઠના અરવિંદભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યાં હતાં.

વ્યારા સુગરમાં કર્મચારીઓને અચાનક છૂટા કરાતાં વિરોધ

32 કાયમી અને 22 જેટલા કોન્ટ્રાક્ટ કર્મચારીઓને 1 ફેબ્રુઆરીથી છૂટા કરાયા

છૂટા કરાયેલા કામદાર વ્યારા સુગરના ચેરમેન માનસિંગ પટેલને રજૂઆત કરશે

વ્યારા: તાપી જિલ્લાની વ્યારા સુગર ફેક્ટરીમાં વર્ષોથી કામ કરતાં કર્મચારીઓને સુગરના કસ્ટોડિયન કમિટીના હોદ્દેદારો દ્વારા અચાનક છૂટા કરી દેવામાં આવતાં કર્મચારીઓમાં સુગરના વહીવટકર્તાઓ સામે રોષ ફેલાયો છે. વ્યારા સુગરમાં આસપાસના ગામના 50થી વધુ કર્મચારીઓ વર્ષોથી સેવા આપી રહ્યા છે, જેમાંથી કેટલાક કર્મચારીઓ નજીકના દિવસોમાં નિવૃત્ત થવાના આરે ઊભા છે. 1 ફેબ્રુઆરીથી સુગરના 32 જેટલા કાયમી તેમજ 22 કોન્ટ્રાક્ટ હેઠળના કર્મચારીઓ સહિત કુલ 54 જેટલા કર્મચારીઓને કોઈપણ જાતની નોટિસ આપ્યા વિના અચાનક જ છૂટા કરાતાં કર્મચારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ચાલુ સિઝન દરમિયાન ગત થોડા દિવસમાં જ વ્યારા સુગરનું શેરડીનું પીલાણ કાર્ય બંધ થયું હતું અને કર્મચારીઓ દ્વારા સુગરમાં મેઇન્ટેનન્સની કામગીરી પણ આરંભી દીધી હતી. ત્યારે સુગરના કસ્ટોડિયન કમિટીના હોદ્દેદારોએ કોઈપણ ચોક્કસ કારણ વિના માત્ર ચાલુ વર્ષે શેરડીનું પીલાણ ઓછું થયું હોવાનું કારણ ધરી સુગરના કાયમી કર્મચારીઓને છૂટા કરવાનું ફરમાન કરી દેતાં અચાનક રોજીરોટી ગુમાવવાની નોબત આવવાને કારણે કર્મચારીઓ ચિંતામાં મુકાયા છે.

ગતરોજ વ્યારા સુગરના છૂટા કરાયેલ કર્મચારીઓએ સુગરના MDને રૂબરૂ મળી કર્મચારીઓને પાછા લેવાની માંગણી કરવામાં આવી હતી. જો કે, લાંબી ચર્ચા વિચારણા બાદ પણ આ બાબતે કોઈ ચોક્કસ ઉકેલ ન આવતાં સુગરના MDએ છૂટા કરાયેલા કર્મચારીઓને વ્યારા સુગરના ચેરમેનને રજૂઆત કરવા સૂચન કર્યું હતું. ત્યારે કર્મચારીઓ આજે સુગરના ચેરમેનને રૂબરૂ મળી આ બાબતે રજૂઆત કરશે તેવું છૂટા કરાયેલા કર્મચારીઓ પાસે જાણવા મળ્યું હતું.

પિકઅપ પાછળ વાહન અથડાતાં એકનું મોત, ત્રણ જણા ઘાયલ

સેગવા પાસે બંધ પડી ગયેલી પિકઅપને પાછળથી અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી

વિશાલ પટેલ

કામરેજ: સેગવામાં બંધ પડી ગયેલી પિકઅપના આગળના ભાગે બોનેટ ખોલતાં જ પાછળથી અજાણ્યા વાહન ચાલકે ધડાકાભેર અથડાવી દેતાં પિકઅપ પલટી મારી ગઈ હતી. આ બનાવમાં એક યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે ત્રણને ઈજા થઈ હતી.

નવસારીના ખેરગામમાં રસોઈયા તરીકે કામ કરતા ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીના મિત્ર ઉર્વેશ રાઠોડને પિકઅપ ખરીદવાની હોવાથી, તેઓ મિત્રો અને પત્ની સાથે મહીસાગર ગયા હતા. ત્યાંથી મહિન્દ્ર પિકઅપ (GJ 06 AT 2090) ખરીદીને પરત ફરતી વખતે ડ્રાઈવર તરીકે કાંતિભાઈ ભાથીભાઈ ખરેડી (ઉં.વ.34) (હાલ રહે.,ખેરગામ, જિ.નવસારી, મૂળ રહે.,મોતીપુરા, જિ.મહિસાગર) ગાડી ચલાવી રહ્યા હતા. પિકઅપમાં અન્ય ત્રણ યુવકો પણ સવાર હતા. જેઓ બારડોલી કામ અર્થે જઈ રહ્યા હતા. ગત ગુરુવારે મોડી રાત્રે ૨:૧૦ વાગ્યાની આસપાસ સેગવા ગામ પાસે પિકઅપ અચાનક બંધ પડી ગઈ હતી. ડ્રાઈવર કાંતિભાઈ નીચે ઊતરી પિકઅપનું બોનેટ ખોલી તપાસ કરી રહ્યા હતા, ત્યારે જ પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા વાહને પિકઅપને પાછળથી ધડાકાભેર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પિકઅપ પલટી મારી ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ કાંતિભાઈ અને કોયા ઉર્ફે કમલેશને સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યારે સુનીલ અને મહેશને બારડોલીમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. રવિવારે સારવાર દરમિયાન કાંતિભાઈ ખરેડીએ અંતિમ શ્વાસ લીધા હતા. કામરેજ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કારેલીના બંગલામાંથી 5.41 લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસને બાતમી મળી હતી કે, કારેલી ગામની સર્જનવીલા રેસિડેન્સીના મકાન નં.૧૪૦માં દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં રવિવારે સવારે દરોડો પાડતાં મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૮૭૬ બોટલ મળી આવી હતી, જેની કિં.5,41,200 થાય છે. પોલીસે સંજય હુકમચંદ શા, રાજુકુમાર જમુના શા અને સત્યેન્દ્ર જમના શા (તમામ રહે.,હાલ કારેલી, મૂળ બિહાર) ધરપકડ કરી ઘટના સ્થળેથી દારૂની હેરફેર માટે ઉપયોગમાં લેવાતો એક પિયાગો ટેમ્પો નં.(GJ-05-AU-5136) અને એક રિક્ષા (GJ-05-BY-6917) પણ કબજે કરી છે. એ સાથે 8,02,200નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ મામલે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજ ચાર રસ્તા સર્વિસ રોડ પર પડી રહેલી કારમાં આગ લાગી

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે છેલ્લા બે વર્ષથી બિનવારસી હાલતમાં પડી રહેલી મારુતિ અલ્ટો કારમાં સોમવારે સવારે આશરે 10.30 કલાકે એન્જિનના ભાગમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ કામરેજ ફાયરને થતાં ઘટના સ્થળે દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. (તસવીર : વિશાલ પટેલ)

વાલોડના બંગલા ફળિયામાં પાણીની ટાંકી મુકાતાં રાહત



વાલોડ: વાલોડના બંગલા ફળિયામાં છેલ્લા કેટલાક દિવસથી પાણીની ટાંકી ફાટી ગઈ હતી. જેથી સ્થાનિકો પાણી માટે ઘણી મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. આ અંગે સરપંચ વિજયાબેન નાઈકે પાણીની ટાંકી મૂકવા અંગે જણાવતાં કેટલાક અસંતુષ સભ્યોએ વિરોધ કરી તલાટીને પણ પાણીની ટાંકી ન મૂકવા દબાણ કર્યું હોય, ઉપરાંત સરપંચે સ્થાનિકોને પડતી મુશ્કેલીને ધ્યાને લઇ ખડેપગે ઊભા રહી તાત્કાલિક અસરથી નવી પાણીની ટાંકી મુકાવી હતી. જેથી સ્થાનિકોને પાણીની સમસ્યામાંથી છૂટકારો મળતાં રાહતનો શ્વાસ લીધો હતો.

કાયદો નેવે: કીમ ઓવરબ્રિજ પર ચાલકે રોંગ સાઈડ રિક્ષા દોડાવી!

રોંગ સાઇડ ફુલ સ્પીડમાં રિક્ષા દોડાવતો વિડીયો વાયરલ

કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામે આવેલ ઓવરબ્રિજ પર એક રિક્ષા ચાલકે બેફામ રીતે વાહન ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા હોવાની ઘટના સામે આવી છે. રિક્ષા ચાલકે રોંગ સાઇડ પરથી ઓવરબ્રિજ પર ફુલ સ્પીડમાં રિક્ષા દોડાવી હતી, જેનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટનાનો વિડીયો એક જાગૃત નાગરિકે ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. વિડીયોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે કે રિક્ષાચાલક કોઈ નિયમોનો વિચાર કર્યા વિના ઓવરબ્રિજ પર રોંગ સાઇડથી બેફામ ગતિએ રિક્ષા હંકારતો નજરે પડે છે.

ઓવરબ્રિજ પરથી ઊતરતી વેળાએ પણ રિક્ષા ચાલક કોઈ બ્રેક ન લગાવી ફુલ સ્પીડમાં બ્રિજ ચડતો નજરે પડ્યો હતો. જો તે સમયે સામે તરફથી કોઈ ટ્રક અથવા અન્ય ભારે વાહન ફુલ સ્પીડમાં આવી ગયું હોત, તો મોટી દુર્ઘટના સર્જાઈ શકતી હતી. રિક્ષા ચાલક જાણે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી રહ્યો હોય તેવું સમગ્ર દૃશ્યમાં લાગી રહ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આવા બેફામ ડ્રાઈવિંગથી લોકોના જીવ તાળવે ચોંટાડી દેવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ સ્થાનિકોમાં ઊઠી રહ્યો છે. લોકો દ્વારા ટ્રાફિક પોલીસ અને સંબંધિત તંત્ર પાસે આવા બેફામ ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

મોટા બોરસરા નજીક ડિમોલિશન

ગટરના બાંધકામ બાબતે અડચણરૂપ બનેલા લારીગલ્લાનો આખરે સફાયો કરાયો

ઇબ્રાહીમ કાનુ

હથોડા: કીમ ચાર રસ્તાથી કીમ વચ્ચે આવેલા નવાપરા અને મોટા બોરસરા વિસ્તારમાં ચોમાસાના પાણીના કાયમી નિકાલ માટે સરકાર દ્વારા 32 કરોડથી વધુની રકમ મંજૂર કરવામાં આવી હતી. જો કે, રોડની બંને બાજુએ ભારે દબાણ હોવાને કારણે લાંબા સમયથી આ કામગીરી અટકી પડી હતી. આખરે તંત્ર હરકતમાં આવ્યું છે અને નવાપરા-મોટા બોરસરા વિસ્તારમાં ગટર લાઈન નાંખવા માટે નડતરરૂપ લારી-ગલ્લાનાં દબાણો દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. આ કામગીરીથી વર્ષોથી ટ્રાફિક જામની સમસ્યા ભોગવતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આ સમગ્ર વિસ્તાર ઔદ્યોગિક એકમોથી ઘેરાયેલો હોવાથી અહીં રાત-દિવસ નાનાં-મોટાં અને ભારે લોડિંગ વાહનોની સતત અવરજવર રહે છે. રોડની બંને બાજુએ પરપ્રાંતિયો દ્વારા કેબિનો અને પાથરણા પાથરીને મોટા પાયે દબાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે વિશાળ માર્ગ અત્યંત સાંકડો બની ગયો હતો. આ સાંકડા રસ્તા પર અવારનવાર સર્જાતા અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હવે સરકાર દ્વારા મંજૂર કરાયેલા કરોડોના ખર્ચે 'બોક્સ ગટર' બનાવવાની કામગીરી શરૂ થતાં તંત્રએ દબાણોનો સફાયો કર્યો છે, જેના પરિણામે ટ્રાફિકની 'રામાયણ'નો અંત આવ્યો છે અને માર્ગ ખુલ્લો થતાં વાહનવ્યવહાર સુગમ બન્યો છે.